Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रुतसागर

वर्ष-३, अंक-१०, कुल अंक-३४, नवम्बर-२०१३



३००थी अधिक वर्ष प्राचीन श्री शत्रुंजयतीर्थ पट

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# युवा मोटीवेशन वर्कशोपनी केटलीक अविस्मरणीय क्षणो











For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

*आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र*

# श्रुतसागर

## ३४

**❖ आशीर्वाद ❖**

राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीजी म. सा.

**❖ संपादक मंडल ❖**

मुकेशभाई एन. शाह

कनुभाई एल. शाह — हिरेन दोशी

डॉ. हेमन्त कुमार — केतन डी. शाह

एवं

ज्ञानमंदिर परिवार

*१५ नवम्बर, २०१३, वि. सं. २०७०, कारतक सुद-१३*

**❖ प्रकाशक ❖**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**
**श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर-३८२००७**
**फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२ फेक्स : (०७९) २३२७६२४९**
Website : www.kobatirth.org
Email : gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रम


| | | |
|---|---|---|
| १. संपादकीय | हिरेन के. दोशी | ०३ |
| २. गुरुवाणी | पू. आचार्य श्री पद्मसागरसूरिजी | ०५ |
| ३. ७०० वर्षना पादचिह्नो | मुनिश्री न्यायविजयजी | ०८ |
| ४. एक अत्यंत महत्त्वपूर्ण प्रशस्ति | मुनिश्री सुयशचंद्रविजय | १४ |
| ५. भगवतीसूत्र गहुंली तथा गुरुगुण गहुंली | साध्वीश्री मधुरहंसाश्रीजी | १६ |
| ६. विजयदेवेंद्रसूरि संबंधी बे स्वाध्याय | हिरेन के. दोशी | २४ |
| ७. प. पू. गुरुदेवश्रीनो संभवित विहार कार्यक्रम | | २८ |
| ८. ज्ञानमंदिर संक्षिप्त कार्य अहेवाल | कनुभाई ल. शाह | ३१ |
| ९. समाचार सार | हिरेन के. दोशी | ३२ |


## प्राप्तिस्थान


आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

तीन बंगला, टोलकनगर

परिवार डाईनिंग होल की गली में

पालडी, अहमदाबाद-३८०००७

फोन नं. (०७९)२६५८२३५५



प्रकाशन सौजन्य

**Shri Mukeshbhai N. Shah**

Arcadia Shipping Limited

Mumbai


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संपादकीय

श्रुतसागरनो ३४मो अंक आपश्रीना हाथमां छे.

निर्वाण कल्याणकनी आराधनाना भाव हजीय हृदयमां अकबंध छे. परमात्माना निर्वाणथी मळेलुं आ पर्व परमात्मा साथे आपणुं अनुसंधान करावी आपे छे. सवि जीव करुं शासनरसीना भावथी व्याप्त थयेला प्रकाशना परमाणुओने पामवानुं पर्व एटले दिवाळी.

प्रभुना विरहनुं पर्व एटले दिवाळी, प्रभुनी यादनुं पर्व एटले दिवाळी, गुरु-शिष्यना अमरत्वनुं गान एटले दिवाळी.

दिवाळीनुं पर्व परमात्मानुं स्मरण करावी आपे छे. तो नवा वरसनी सवार गणधर भगवंतश्री गौतमस्वामीनी याद अपावे छे. जे पर्वनी पृष्ठभूमां मोक्षपद प्राप्ति अने परम ज्ञानपद प्राप्ति जेवी विश्वनी श्रेष्ठ घटना रहेली होय ए पर्वमां सुख-शांति-समृद्धि अने आत्मिक समतानो विकास थया वगर न रहे.

केलेन्डरमां आवता दिवाळीना दिवसोमां ज तेज के प्रकाशनी महत्ता समजी के जाणी शकाय एवुं कांई नथी, रोज पडती सवारमां पण पर्वना दर्शन करवा ए आपणी पोतानी प्रकृति उपर निर्भर छे.

जीवनमां आवता दरेक पर्वो नूतन बोध अने भव्य संदेशना आगमन साथे आवे छे. आपणने जगाडवा अने जीताडवा माटे आवे छे. प्रश्न आपणी जागृति अने संवेदनशीलतानो छे. दिवाळीना दिवसोमां पथरायेलो प्रकाश दिलना देवळने वधु प्रकाशित अने तेजस्वी बनावे एवी ज मनोकामना साथे...

**आ अंकनी वात :-**

गुरुभक्त वाचकोनी घणा समयनी मांग होवाथी गया अंकथी प्रारंभायेली एक कोलम '**गुरुवाणी**' हेठळ पूज्यपाद् आचार्यदेव गुरुभगवंतश्री पद्मसागरसूरीश्वरजी म. सा. ना वचनामृतोने प्रकाशित करेल छे. साधना संदर्भे पू. गुरुभगवंतश्री ए करेला सचोट विस्तरणने आ अंकमां प्रकाशित कर्युं छे. विक्रमनी १९मी सदीमां थयेला विजयदेवेंद्रसूरि महाराज संबंधी बे लघुकृतिओ प्रायः सौ प्रथमवार अत्रे प्रकाशित करी छे. संपादन अने प्रकाशित थवानी राह जोती आवी केटलीय लघु रचनाओ आपणा ज्ञानभंडारोमां सुरक्षित अने संगृहीत छे.

साध्वीवर्या श्री मधुररत्नाश्रीजी, रत्नहंसाश्रीजी द्वारा संपादित करेल गहुलीनी बे अप्रकाशित लघुकृतिओ पण अत्रे प्रकाशित करी छे. पू. साध्वीजी भगवंते कृति-परिचयमां विषयने योग्य विस्तृत माहिती नोंधी वाचकनी उपयोगितामां सारो एवो वधारो कर्यो छे. श्रुतसागरना दरेक अंक माटे पोताना योगदान स्वरूपे

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कृति के लेख तैयार करी आपनार पू. मुनिभगवंत श्री सुयशचंद्रविजयजी म. सा. तरफथी प्रतिलेखन पुष्पिकानी विशिष्टता प्रकाशित करतो एक विमर्श योग्य लेख अत्रे प्रकाशित कर्यो छे. जैन सत्य प्रकाशना वर्ष ७मां पेज नं. ७-१०मां प्रकाशित अने मुनिश्री न्यायविजयजी आलेखित **"७०० वर्षना पादचिह्नो"** नामनो लेख अत्रे पुनः प्रकाशित कर्यो छे. लेखमां वाचनदृष्टिए सुगमता रहे ए हेतुथी थोडो फेरफार कर्यो छे.

श्रुतसागरमां आपश्री द्वारा संपादित/लेखित साहित्य प्रकाशित करवा इच्छता होय तो अमारा सीटी सेन्टर अथवा कोबाना सरनामे मोकलवा विनंती.

---

## પૂ. ગુરુભગવંતશ્રીના આગામી કાર્યક્રમો

### પાવન ચાતુર્માસનું પ્રેરક પરિવર્તન

પરમ તારક રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ. સા. ના વિ. સં. ૨૦૬૯ના ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પરિવર્તનનો અવસર આપણા સહુના જીવનમાં અવશ્ય પરિવર્તન કરાવનારો બની રહેશે.

તારીખ ૧૭-૧૧-૨૦૧૩ના રોજ વાસુપૂજ્યસ્વામી જિનાલય આંબાવાડીથી સવારે ૬-૩૦ કલાકે પ્રસ્થાન અને ૭-૩૦ કલાકે વી. આર. શાહ સ્મૃતિ શિક્ષણ મંદિરમાં પટ દર્શન બાદ પૂજ્ય ગુરભગવંતશ્રીનું માંગલીક પ્રવચન રહેશે આ ચાતુર્માસ પરિવર્તનનો લાભ ગુરૂભક્ત શ્રી ગિરીશભાઈ વાડીલાલ રવચંદ શાહ પરિવારે લીધો છે. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ કારતક વદ ૫ના બીજડમાં મહામંગલકારી શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની કલ્યાણકારી પ્રતિષ્ઠા સંપન્ન કરશે.

### છ'રિ પાલિત સંઘયાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન

તા. ૨૩-૧૨-૨૦૧૩ માસગર વદ-૫ને સોમવારના કચ્છ પ્રતાપપુર નિવાસી હાલ સાંતાક્રુઝ સ્થિત શ્રી હીરજી મોરારજી શાહ પરિવાર દ્વારા આયોજીત પ્રતાપપુર (કચ્છ) થી શ્રી ભદ્રેશ્વર તીર્થની છ'રિ પાલિત સંઘયાત્રામાં પૂજ્ય ગુરુભગવંતશ્રી નિશ્રા પ્રદાન કરશે. પ્રતાપપુરની ભૂમિ ઉપર પુણ્યપ્રતાપી પૂજ્ય ગુરુભગવંતશ્રીનો પ્રવેશ માગસર વદ ૪ના દિવસે થશે, પ્રતાપપુરથી બારોઈ વડાલા થઈ, સકલ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રી તારીખ ૨૫-૧૧-૨૦૧૩ના રોજ શ્રી ભદ્રેશ્વરતીર્થમાં પધારશે. આપ સહુને આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

For Private and Personal Use Only

# ગુરુવાણી

## વિષય : સાધના

❖ ઇચ્છાને રોકવી તે જ સંયમ છે. ઇચ્છાને અધીન ન થવું તે જ તપ છે.

❖ જે સમ્યગ્દર્શનના ભાવથી જીવન સમસ્તનો અનુભવ કરે છે તે આગળ વધે છે, તથા આરાધના અને ચિંતન સિદ્ધ બની જાય છે. પરંતુ અહંથી કરેલી આરાધના કદી પૂર્ણ થતી નથી.

❖ 'હું' ની દીવાલ તોડી આરાધના કરવાથી જીવન-જ્યોત ઝળહળી ઊઠશે. આરાધના કરવાની વિધિ બરાબર નહીં હોય તો જીવનજ્યોત સળગીને રાખ થઈ જશે.

❖ આત્મા અને શરીરનો, પદાર્થ અને પર્યાયનો ભેદ ન પામો ત્યાં સુધી સાધના સિદ્ધ થતી નથી. આત્મા શરીરથી ભિન્ન સમજાય ત્યારે જ સાધના સિદ્ધ થાય છે.

❖ બીજાઓને જીતે છે તે વીર છે, પણ પોતના વિકારોને જે જીતે છે તે તો મહાવીર છે.

❖ ખેડૂત જ્યારે ખેતી કરે છે ત્યારે પ્રથમ ખેતરને સાફ કરે છે, જમીનને પોચી બનાવી અનાજ વાવે છે ને તેનું રક્ષણ કરે છે. આમ ઘણી મહેનત કર્યા પછી જ લાભ મળે છે. એવી જ રીતે આત્માની સાધના પણ ખેતી છે. આત્મામાં ધર્મનાં બી વાવવા માટે વિષય-કષાયોની ગંદકી પ્રથમ શુદ્ધ વિચારોથી સાફ કરો, પછી તપ-જપ જે કરશો તેની મહેનત સુંદર ફળશે.

❖ દુષ્કૃત્યોનો ત્યાગ કરવાથી જ જીવનનાં પાપો દૂર થાય છે. આપણે તો છેક સમ્યગ્ દર્શનની ભૂમિકા સુધી પહોંચવાનું છે, ચૌદ રાજલોક સુધી પહોંચવાનું છે. જેટલું ઊંચું મકાન બાંધવાનું હોય તેના પ્રમાણમાં પાયો ખોદાય છે. જેટલી ઊંચાઇએ જવાનું છે તેના પ્રમાણમાં આરાધના કરવાની છે.

❖ સંસારમાં રાગનું પોષણ કેટલું બધું થાય છે ? ને તેથી આરાધનામાં પ્રમાદ થાય છે; 'કાલે કરીશું, પરમ દિવસે કરીશું' એમ કરીએ છીએ. પરંતુ જેમ અર્ધી રાતે આગ લાગે ને માણસ ઊંઘને છોડી ઊભો થઈ જાય છે તેમ જીવનમાં આગ લાગે ત્યારે માણસે પ્રમાદ છોડી ઊભા થઈ જવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



❖ સમ્યગ્ દર્શન કે સમ્યગ્ જ્ઞાન કે સમ્યગ્ ચારિત્ર દ્વારા જ સાચી સાધના સંભવી શકે.

❖ લક્ષ્મણરૂપી વિવેક જ્યારે રાવણરૂપી લોભનો નાશ કરશે, ત્યારે રામરૂપી આત્માને સીતારૂપી સમતા મળશે અને વિરહનું દુઃખ દૂર થશે.

❖ રામાયણ એટલે બીજા શબ્દોમાં કહીએ તો રાવણરૂપી લોભે, સીતારૂપી સમતાનું હરણ કરી લીધું છે. આથી રામરૂપી આત્મા સીતારૂપી સમતાના વિરહમાં દુઃખી દુઃખી થઈ રહ્યો છે. અંતરાત્મામાં રામનું રાજ્ય ચાલ્યું ગયું છે અને રાવણનું રાજ્ય ચાલે છે. આથી જીવનમાં અંધાધૂંધી ચાલે છે.

❖ વિવેક એ લક્ષ્મણ છે, ધર્મ પ્રત્યેનો અનુરાગ એ હનુમાન છે, સમતા એ જ સીતા છે; ઇચ્છા, તૃષ્ણા અને અજ્ઞાન એ લંકા છે, જ્યારે લોભ એ રાવણ છે.

❖ આત્મદશામાં રમવું, રમણા કરવી, આનંદ કરવો, આત્મદશામાં મગ્ન રહેવું એ જ રામ છે, પણ સાધકોએ એ ન ભૂલવું જોઈએ કે જ્યાં રામ છે, ત્યાં રાવણ પણ છે.

❖ આનંદ એ આત્મસ્વરૂપ છે, પ્રેમ એ પ્રકાશમય છે, શાંતિ એ પૂર્ણતામય છે. જ્યાં હર્ષ-શોક નથી, જ્યાં સંકલ્પ-વિકલ્પ નથી, જ્યાં રાગ-દ્વેષ નથી ત્યાં જ આનંદ, પ્રેમ, શાંતિ હોય છે. સાચી શાંતિ પ્રાપ્ત કરવા માટે જ આરાધના હોય છે.

❖ જાણકારી અનુસાર જો આચરણ કરવામાં આવે તો પૂર્ણતા પ્રાપ્ત થાય છે. આ મનુષ્યભવ મળવો બહુ જ દુષ્કર છે અને આપણને પુણ્યથી મળ્યો છે. તે મનુષ્યભવ આત્માની પ્રાપ્તિ માટે મળ્યો છે. જો આ જન્મમાં આત્માની પ્રાપ્તિ ન કરી તો કીમતી જીવન નિષ્ફળ જશે. આ કીમતી જીવન નિષ્ફળ ન જાય માટે સુંદર આરાધના કરીને જીવનને સફળ બનાવવાનું છે.

❖ દુઃખોથી મુક્ત બનવા માટે લોકો અનેક પ્રકારનાં મંગળ કરે છે. પરંતુ સૌથી સાચું મંગળ તો ભગવાનના સ્મરણમાં, સાધુ-સંતોના સંગમાં, પવિત્ર મન રાખવામાં, ધર્મની આરાધના કરવામાં જ છે. ધર્મની આરાધના વિના પાપો નાશ થતાં નથી, તેમ જ દુઃખો પણ નાશ થતાં નથી.

❖ ખરેખર, તમે અમારું માનો તો અત્યારે તમારી શક્તિ છે, શરીર નિરોગી છે, સંજોગો સારા છે માટે ધર્મની આરાધના કરી લો. નહીંતર જ્યારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિનો નાશ થશે, અંગો શિથિલ થઈ જશે ત્યારે કશુંય નહીં થાય.

❖ વાસનાઓને આધીન રહેવાથી તેનું પરિણામ ભયંકર આવે છે. યુવાન પુત્ર કૉલેજમાં બે-ત્રણ વર્ષ સુધી ફેઈલ થાય તો તેને ધમકાવવામાં આવે છે. આપણે અહીં ઉપાશ્રયમાં ૫૦ વર્ષથી આવીએ છીએ ને ધર્મની આરાધનાની પરીક્ષામાં ફેઈલ થઈએ છીએ!

❖ જ્ઞાનીઓએ કહ્યું છે કે તમારી અંદર જ અપૂર્વ જ્ઞાન છે. જ્ઞાન ગુરુ પાસેથી પ્રાપ્ત કરવાથી બધા જ પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે.

---


## એક નવલું નજરાણ

❖ શું આપ અશાંત છો ?

❖ શું આપને ઉદ્વેગ અને અજંપો રહ્યા કરે છે ?

❖ શું આપને પરમ પ્રસન્નતાનો અનુભવ કરવો છે ?

❖ શું આપ સ્વસ્થ આનંદ અને શુભ ભાવનાઓના ઉચ્ચ પરિણામનો આસ્વાદ અનુભવવા માંગો છો ?

❖ શું આપ ભાવધર્મના મૌલિક પરિણામથી અજાણ છો ?

❖ સમતા અને સાત્વિકતાના વિકાસ માટે કલ્યાણમિત્રની ગરજસારતું પ્રકાશન.

❖ વર્તમાન વિશ્વને વળગેલી વિટંબણાઓનું સમાધાન કરતું પ્રકાશન.

ઘરમાં વસાવવા જેવું અને હૃદયમાં પધરાવવા જેવું પ્રકાશન.

## શાંત સુધારસ ભાગ ૧-૨-૩

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ. સા. દ્વારા રચાયેલ અદ્ભૂત શાંતસુધારસ ગ્રંથ ઉપર આચાર્ય શ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. સાહેબે પોતાની ચિંતનાત્મક અને સંવેદનશીલ શૈલીમાં મનને મહામૂલું માર્ગદર્શન પુરૂં પાડ્યું છે. પરિવાર અને પોતાના માટે પ્રસન્નતાની પરબ જેવું આ પ્રકાશન શ્રી મહાવીર જૈન આરાધા કેન્દ્ર, કોબામાંથી ઉપલબ્ધ છે. વહેલી તકે પ્રાપ્ત કરી લેવા દરેક વાચકોને ભલામણ.


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરનિ. સં. ૧૦૦૦ થી વીરનિ. સં. ૧૭૦૦ સુધીનાં સાતસો વર્ષનાં પાદચિહ્નો

મુનિ શ્રી ન્યાયવિજયજી

વિક્રમ સંવત્ ૫૧૦-ગુજરાતમાં વડનગરમાં ધ્રુવસેનરાજાનો શોક નિવારવા શ્રી ધનેશ્વર સૂરિજીએ રાજસભામાં શ્રી કલ્પસૂત્રની વાચના કરી.

વિ.સં. ૫૩૩-બીજા કાલિકાચાર્યે સંવત્સરી પાંચમના બદલે ચોથે શરૂ કરી.

વિ.સં. ૫૭૨-હરિગુપ્ત રાજા થયો.

વિ.સં. ૫૮૫-શ્રી દેવાનંદસૂરિજીએ દેવકીપત્તનમાં શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠા કરી.

વિ.સં. ૫૯૫-સાચોરમાં ચહુઆણ નાહડે અઢારભાર સોનાની શ્રી વીરપ્રભુની મૂર્તિ બનાવી અને શ્રી વૃદ્ધદેવસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરી.

વિ.સં. ૫૯૫-સુવર્ણગિરિમાં દોશી ધનપતિએ બે લાખ દ્રવ્ય ખરચી યક્ષવસહીની સ્થાપના કરી અને પ્રદ્યોતનસૂરિજીએ તેમાં શ્રી વીરપ્રભુની પ્રતિષ્ઠા કરી.

ઈસ્વીસનનો છઠ્ઠો સૈકો-પ્રાકૃતલક્ષણના કર્તા ચંડ કવિ થયા.

સાતમો સૈકો-શ્રી સંઘદાસ ક્ષમાશ્રમણે 'વસુદેવહિંડી' ગ્રંથની રચનાની શરૂઆત કરી. (આ ગ્રંથ ધર્મસેનગણિએ પૂરો કર્યો).

વિ.સં. ૬૩૦-શંકરગણ રાજા થયો.

વિ.સં. ૬૪૮-પહેલાં-કલચુરીરાજ કૃષ્ણરાજનો પુત્ર શંકરગણ થયો.

વિ.સં. ૬૬૪-હર્ષવર્ધન રાજાનો રાજ્યાભિષેક થયો.

વિ.સં. ૬૭૫-શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થયા.

**વિ.સં. ૮મી સદી-શ્રીપુરૂષનો પુત્ર જૈન રાજા શિવામર થયો.**

વિ.સં. ૭૨૦-યુગપ્રધાન ઉમાસ્વાતિ (તત્ત્વાર્થકારની જુદા) થયા.

વિ.સં. ૭૩૩-શ્રી જિનદાસ મહત્તરે નંદીસૂત્રની ચૂર્ણિ રચી.

વિ.સં. ૭૫૨-વૈશાખ શુદિ ૧૫, વનરાજ ચાવડાનો જન્મ થયો.

વિ.સં. ૮૦૦-શ્રી બપ્પભટ્ટિસૂરિજીનો જન્મ, ૮૦૭માં દીક્ષા, ૮૧૧ માં આચાર્યપદ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ.સં. ૮૦૨-વનરાજ ચાવડાએ પાટણ સ્થાપ્યું, પંચાસરા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.

વિ.સં. ૮૨૬-શ્રી બપ્પભટ્ટિસૂરિજીના ઉપદેશથી આમરાજાએ જૈનધર્મ સ્વીકારી ગોપગિરી (ગ્વાલિયર)માં જિનમંદિર બંધાવ્યું.

વિ.સં. ૮૩૪-ઉદ્યોતનસૂરિ અપરનામ દાક્ષિણ્યચિહ્નસૂરિએ 'કુવલયમાલા' ગ્રંથ પૂર્ણ કર્યો.

વિ.સં. ૮૬૧-વનરાજ ચાવડાનો સ્વર્ગવાસ થયો.

વિ.સં. ૮૭૦-શિવમૃગેશ તથા રાણો ભતૃભાટ થયા.

વિ.સં. ૮૮૪-મલ્લવાદીજીએ શિલાદિત્યની રાજસભામાં વાદમાં બૌદ્ધોને હરાવ્યા.

વિ.સં. ૮૯૦-આમરાજાનો સ્વર્ગવાસ થયો.

વિ.સં. ૯૦૦ થી ૯૩૮-આમરાજાનો પૌત્ર ભોજરાજ થયો.

વિ.સં. ૯૧૩-૧૫-જયસિંહસૂરિજી થયા.

વિ.સં. ૯૨૫-શીલાંકાચાર્યજી થયા.

દસમા સૈકાનો ઉત્તરાર્ધ-ચંદ્રગચ્છીય આ. પ્રદ્યુમ્નસૂરિના ઉપદેશથી સપાદલક્ષ અને ત્રિભુવનગિરિના રાજાએ જૈનધર્મ સ્વીકાર્યો.

વિ.સં. ૯૪૭-યશોભદ્રસૂરિજી થયા. મૂળ તેઓ વડોદરાનાં રત્નપુરના યશોભદ્ર નામે રાજા હતા. તેમણે શ્રીદત્તસૂરિજીના ઉપદેશથી દીક્ષા લીધી હતી.

વિ.સં. ૯૬૨-સિદ્ધર્ષિગણિએ ઉપમિતિભવપ્રપંચા કથાની રચના કરી.

વિ.સં. ૯૭૩-આચાર્ય વાસુદેવસૂરિના ઉપદેશથી વિદગ્ધરાજ જૈન થયા.

વિ.સં. ૯૯૧-લગભગ-ભદ્રકુમારે આ. વિમલચંદ્રસૂરિના શિષ્ય આ. વીરસૂરિના ઉપદેશથી દીક્ષા લીધી. પાછળથી તે ચંદ્રસૂરિના નામે ખ્યાત થયા.

વિ.સં. ૯૯૪-આબુ પાસે ટેલીગ્રામમાં વડ નીચે આચાર્ય ઉદ્યોતનસૂરિજીએ આઠ શિષ્યોને આચાર્ય પદ આપ્યું. વડગચ્છની સ્થાપના થઈ.

વિ.સં. ૯૯૬-વિદગ્ધરાજનો પુત્ર મમ્મટ આ. બલભદ્રસૂરિના ઉપદેશથી જૈન થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ.સં. ૧૦૦૫-જંબૂનાગમુનિએ જિનશતક અને મણિપતિચરિત્ર રચ્યું.

વિ.સં. ૧૦૦૮-૧૦-રાણા અલ્લટે ચિત્તોડનો પ્રસિદ્ધ સ્તૂપ બનાવ્યો.

વિ.સં. ૧૦૧૦-આ. સર્વદેવસૂરિજીએ રામસૈન્યપુરમાં પ્રતિષ્ઠા કરી.

વિ.સં. ૧૦૧૭-મૂલરાજ સોલંકીનો અભિષેક. (મૂળરાજે પાટણમાં મૂળરાજવિહાર બંધાવ્યો હતો. અને જિનમંદિરને દાન આપ્યું હતું.)

વિ.સં. ૧૦૨૯-મહાકવિ ધનપાળે 'નામમાળા'ની રચના કરી.

વિ.સં. ૧૦૩૦ લગભગ-આ. પ્રદ્યુમ્નસૂરિજીના ઉપદેશથી ત્રિભુવનગિરિનો રાજા કર્દમરાજ જૈન થયો. અને પછી દીક્ષા લઇ ધનેશ્વરસૂરિના નામે તેમનો પટ્ટધર થયો. તેમના નામથી રાજગચ્છ પ્રસિદ્ધ થયો.

વિ.સં. ૧૦૫૨-મૂળરાજ સોલંકીનો સ્વર્ગવાસ અને વલ્લભરાજની ગાદી.

વિ.સં. ૧૦૫૩-આ. શાંતિભદ્રસૂરિજીના ઉપદેશથી ધવલરાજે જિનમંદિરની પ્રતિષ્ઠા કરી. (અને પાછળથી તેણે દીક્ષા લીધી.)

વિ.સં. ૧૦૫૫-ચંદ્રગચ્છીય વર્ધમાનસૂરિજીએ હરિભદ્રસૂરિના ઉપદેશપદ પર ટીકા રચી.

અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં કવિ સોઢલે ઉદયસુંદરીકથા રચી.

વિ.સં. ૧૦૬૬-વલ્લભરાજનો સ્વર્ગવાસ. દુર્લભરાજની ગાદી.

વિ.સં. ૧૦૭૧-નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજીનો જન્મ થયો.

વિ.સં. ૧૦૭૩-કક્કસૂરિના શિષ્ય શ્રી જિનચંદ્રગણિએ નવપદ લઘુવૃત્તિ રચી.

વિ.સં. ૧૦૭૮-વીરાચાર્યજીએ આરાધનાપતાકા બનાવી. દુર્લભરાજનો સ્વર્ગવાસ. ભીમદેવની ગાદી.

વિ.સં. ૧૦૮૦-બુદ્ધિસાગરસૂરિજીએ જાબાલીપુરમાં વ્યાકરણ રચ્યું. જિનેશ્વરસૂરિજીએ હરિભદ્રસૂરિજીનાં અષ્ટકો ઉપર ટીકા રચી. રાજકુમાર મહીપાલકુમાર દ્રોણાચાર્યજીના ઉપદેશથી દીક્ષા લઇ સુરાચાર્ય તરીકે ખ્યાત થયા.

વિ.સં. ૧૦૮૮-વર્ધમાનસૂરિજીનો સ્વર્ગવાસ થયો. આબુ ઉપર વિમલ મંત્રીશ્વરે મંદિર બંધાવ્યાં. અભયદેવસૂરિજીનું આચાર્યપદ થયું.

વિ.સં. ૧૦૯૦-સુરાચાર્યજીએ દ્વિસંધાન કાવ્ય બનાવ્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ.સં. ૧૦૯૫-ધનેશ્વરસૂરિજીએ 'સુરસુંદરીકથા' બનાવી.

વિ.સં. ૧૦૯૬-વાદિવેતાલ શાંતિસૂરિજીનું સ્વર્ગગમન થયું.

વિ.સં. ૧૧૧૭-ચક્રેશ્વરસૂરિએ ૪૧૫ રાજકુમારોને પ્રતિબોધ આપ્યો.

વિ.સં. ૧૧૨૦-ભીમદેવનો સ્વર્ગવાસ, કર્ણદેવની ગાદી.

વિ.સં. ૧૧૨૩-કવિ સાધારણે અપભ્રંશભાષામાં વિલાસવતી કથા રચી.

વિ.સં. ૧૧૨૯-ધર્મોપદેશમાલા વિવરણ પ્રાકૃતમાં રચાયું.

વિ.સં. ૧૧૨૭-૩૭-નિબુયવંશના અભયદેવસૂરિના શિષ્ય ચંદ્રપ્રભમહત્તરે પ્રાકૃતમાં વિજયચંદ્ર ચરિત્ર બનાવ્યું.

વિ.સં. ૧૧૩૫ (૩૯)-નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિજીનો સ્વર્ગવાસ થયો.

વિ.સં. ૧૧૩૯-વડગચ્છીય નેમિચંદ્રસૂરિજીએ પ્રાકૃત મહાવીરચરિયં રચ્યું. ગુણચંદ્રસૂરિજીએ મહાવીરચરિયં રચ્યું. શાલિભદ્રસૂરિજીએ સંગ્રહણીવૃત્તિ રચી.

વિ.સં. ૧૧૪૦-વર્ધમાનસૂરિજીએ પ્રાકૃતમાં મનોરમાચરિત્ર રચ્યું.

વિ.સં. ૧૧૪૪-શ્રી જિનવલ્લભસૂરિએ છ કલ્યાણકની પ્રરૂપણા કરી.

વિ.સં. ૧૧૪૨-દક્ષિણના એલીચપુરના રાજા શ્રીપાળે અંતરીક્ષજીનું મંદિર બંધાવ્યું અને તેની મલધારી અભયદેવસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી. મુક્તાગિરિમાં શામળીયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. શ્રીપુરગામ વસાવ્યું.

વિ.સં. ૧૧૪૦-પલ્લવરાયનો પુત્ર શંકરનાયક થયો.

વિ.સં. ૧૧૪૫-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીનો ધંધુકામાં જન્મ થયો.

વિ.સં. ૧૧૫૦-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની દીક્ષા.

વિ.સં. ૧૧૫૨-કર્ણદેવનો સ્વર્ગવાસ. સિદ્ધરાજની ગાદી.

વિ.સં. ૧૧૬૦-લગભગ-મલધારી અભયદેવસૂરિના ઉપદેશથી સિદ્ધરાજે પર્યુષણ તથા અગિયારસે અમારીની ઉદ્‌ઘોષણા કરી.

વિ.સં. ૧૧૬૬-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની આચાર્ય પદવી થઈ.

વિ.સં. ૧૧૬૭-જિનવલ્લભસૂરીજીનું આચાર્યપદ અને સ્વર્ગગમન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ.સં. ૧૧૬૯-જિનદત્તસૂરિજીનું આચાર્યપદ.

વિ.સં. ૧૧૭૪-વાદીદેવસૂરિનું આચાર્યપદ.

વિ.સં. ૧૧૭૮-મુનિચંદ્રસૂરિનો સ્વર્ગવાસ.

વિ.સં. ૧૧૮૧-વાદીદેવસૂરિજીએ સિદ્ધરાજની સભામાં દિગંબર વાદી કુમુદચંદ્રને હરાવ્યા.

વિ.સં. ૧૧૮૫-સજ્જન મંત્રીએ ગિરનારનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સિદ્ધરાજે ગિરનાર તથા શત્રુંજયની યાત્રા કરી બાર ગામ ભેટ આપ્યાં.

વિ.સં. ૧૧૯૩-કુંભારિયાજી તીર્થની સ્થાપના થઈ.

વિ.સં. ૧૧૯૯-સિદ્ધરાજનો સ્વર્ગવાસ, કુમારપાળની ગાદી.

વિ.સં. ૧૧૯૯ (૧૨૦૪)-વાદીદેવસૂરિજીએ ફલોદિતીર્થ સ્થાપ્યું.

વિ.સં. ૧૨૦૩-આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજીની દીક્ષા.

વિ.સં. ૧૨૧૧-શ્રી જિનદત્તસૂરિનું સ્વર્ગગમન, જિનચંદ્રસૂરિનું આચાર્યપદ.

વિ.સં. ૧૨૧૬-કુમારપાળે શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો.

વિ.સં. ૧૨૨૫ લગભગ-જીરાઉલા તીર્થની સ્થાપના.

વિ.સં. ૧૨૨૬-વાદીદેવસૂરિજીનો સ્વર્ગવાસ.

વિ.સં. ૧૨૨૯-મહારાજા કુમારપાળનો સ્વર્ગવાસ. અજયપાલની ગાદી.

વિ.સં. ૧૨૩૦-કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનો સ્વર્ગવાસ.

વિ.સં. ૧૦૩૨-અજયપાલનું અવસાન.

વિ.સં. ૧૦૩૩-શ્રી જિનચંદ્રસૂરિજીનું સ્વર્ગગમન.

## જૈન મંત્રીઓ યા દંડનાયકો

વિ.સં. ૧૦૭૮ થી ૧૧૨૦-નેઢ, વિમળ, જાહિલ્લ (નાણાં ખાતાનો પ્રધાન)

વિ.સં. ૧૧૨૦ થી ૧૧૫૦-ધવલક, મુંજાલ, સાંતુ.

વિ.સં. ૧૧૫૦ થી ૧૧૯૯-સાંતૂ, આશુક, સજ્જન (દંડનાયક, જેણે ગિરનારનો જીર્ણોદ્ધાર કરાવ્યો), ઉદાયન, સોમ (ખજાનચી).

વિ.સં. ૧૧૯૯ થી ૧૨૨૯-વાગ્ભટ્ટ, સજ્જન (દંડનાયક), આંબડ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથ્વીપાલ, કુમારસિંહ, વાધૂયન, કપર્દી, આલિગ, સોલાક.

વિ.સં. ૧૨૨૯ થી ૧૨૩૩-આભડ, કપર્દી, આનંદ, યશ:પાળ.

## જૈનતીર્થો

વિ.સં. ૬૦૦ લગભગ કુલ્પાકજી, આઠમા સૈકા પહેલાં મહાતીર્થ મોઢેરા, ૮૬૧ કરહેડા, ચિત્તોડ, ૯૫૪ નાડલાઈ, ૧૦૧૦ પૂર્વે રામસેન, ૧૦૮૮ આબુ, સ્થંભણપાર્શ્વનાથ, ૧૧૪૨ મુક્તાગિરિ, બારમી સદી શેરીસા-પાર્શ્વનાથ, ૧૧૯૧ જીરાવલાપાર્શ્વનાથ, ૧૧૯૩ કુંભારિયાજી, ૧૧૯૯ (૧૨૦૪) ફલોદી, ૧૨૨૦ ભરૂચ, ૧૨૧૧ તારંગા.

આમાં આથી વિશેષ હકીકતો આપી શકાઈ હોત, પણ સાધન અને સમયના અભાવે તેમ નથી થઈ શક્યું. સંવતવારીમાં કોઈ સ્થળે ફેરફાર હોય તો સુજ્ઞ વાચકો તે જણાવશે એવી આશા રાખું છું.

---

## દાનધર્મના સાત ગુણો

**देवाणुअत्ति भत्ती पूया थिरकरण सत्तअणुकंपा ।**
**आसोदय दाणगुणा पभावणा चेव तित्थस्स ॥५८३॥**

**( - आवश्यकनिर्युक्ति )**

- દેવાનુવૃત્તિ
- ભક્તિ
- પૂજા
- સ્થિરીકરણ
- સત્ત્વાનુકંપા
- શાતાનો ઉદય
- તીર્થપ્રભાવના

દેવો પણ ભગવાનની પૂજા કરે છે, તેથી એ રીતે દાન આપવાથી દેવોનું અનુકરણ થાય છે. તથા ભગવાનની ભક્તિ અને પૂજા કરાયેલી થાય છે. ધર્મમાં નવા જોડાયેલા શ્રદ્ધાવાળા જીવોનું સ્થિરીકરણ થાય છે. ભગવાનના સમાચાર નિવેદકો ઉપર અનુકંપા કરાયેલી થાય છે. શાતાવેદનીય બંધાય છે તથા તીર્થની પ્રભાવના કરાયેલી થાય છે. આ બધા દાનના ગુણો થાય છે.

(આવશ્યકનિર્યુક્તિ ભાગ-૨, તપોવન સંસ્કારપીઠ દ્વારા પ્રકાશિત)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# एक अत्यंत महत्त्वपूर्ण प्रशस्ति ( ग्रंथलेखन पुष्पिका )

**सुयशचन्द्रविजय**

सुरतना आणसुरगच्छना जिनालयमां केटलीक हस्तप्रतोनो संग्रह हतो. समय जता व्यवस्थापक तेमज व्यवस्थाने अभावे पाछळथी ते भंडार सुरतना ज नेमि-विज्ञान-कस्तूरसूरि ज्ञानमंदिरमां सम्मिलित करी देवामां आव्यो. हस्तप्रतोनी नोंधणी वखते उपरोक्त प्रशस्तिवाळी आवश्यकसूत्रनी प्रत पण नोंधवामां आवी १३५ पानानी पृष्ठमात्रा (पडिमात्रा) वाळी प्रत.

दरेक पत्रमां ११ पंक्ति, दरेक पंक्तिमां ३५ थी ४० अक्षरो. एकंदरे ठीक कही शकाय तेवी स्थिति.

प्रथम नजरे तो आ प्रशस्ति पण अन्य सामान्य प्रत जेवी ज लागी. परंतु संपूर्ण प्रशस्ति वांची त्यारे ग्रंथलेखन पुष्पिका नीचे ३ श्लोकनी (अन्य प्रशस्ति) प्राय: ग्रंथ संग्राहकनी एक महत्त्वपूर्ण नोंध जाणवा मळी जे वाचकोने पण आश्चर्य पमाडे तेवी छे.

**ग्रंथ लेखन प्रशस्ति -**

**इति श्री आवश्यकसूत्रं समाप्तमिति भद्रम् ।।छ।। गाथा २५५० ।।**
**संवत् १५४० वर्षे मार्गशिर वि( व )दि ९ शनिवारे लिखितं ।।छ।।**
**दोसी महिराज सुत पंचायण लिखावितं ।। महं० आंबा लिखितं ।**

**ग्रंथ संग्राहकनी प्रशस्ति -**

**बहयतिजनपठनकृते, द्वाविंशतिलक्षपुस्तकव्ययिना ।**
**पण्डित मेहमुनीश्वर-विनयभृता क्षेमकुशलेन ।।१।।**

**त्रीषुषड्भु ( १६५३ ) मिते वर्षे, भाद्रस्यैकादशीतिथौ ।**
**स्वकीय पौस्तकः कोश-श्चक्रे सूरतिबन्दिरे ।।२।।**

**तन्मध्यस्थमिदं सूत्र-मावश्यकं विचक्षणैः ।**
**वाच्यमानं चिरं जीया-द्यावच्चन्द्रदिवाकरौ ।।३।।**

सौ प्रथम आपणे बन्ने प्रशस्तिनो सार जोईए.

ग्रंथ लेखन प्रशस्तिमां सौ प्रथम ग्रंथनुं श्लोक प्रमाण, त्यारबाद संवतादि, पछी ग्रंथ लखावनारनुं नाम अने अंते ग्रथ लखनारनुं नाम जोवा मळे छे. त्यारपछी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ग्रंथ संग्राहकनी प्रशस्ति ग्रंथ लेखकना अक्षरोथी भिन्न अक्षरोमां तथा थोडा वधु पडता गीच तेमज मरोडदार अक्षरोमां लखाइ छे.

**भावार्थ** - पंडित मेह मुनिना शिष्य २२ लाख पुस्तकोना संग्रहालयवाळा अथवा २२ लाख द्रव्य पुस्तक माटे वापरनारा पंडित क्षेमकुशले सुरतबंदरमां घणा साधुपुरुषोना अभ्यासने माटे पुस्तकालय बनाव्युं. ते भंडारमां रहेलु, विचक्षण पुरुषो वडे वंचातु आ आवश्यकसूत्र ज्यां सुधी चंद्र अने सूर्य होय त्यां सुधी चिरंजीवो. (सचवातुं रहो).

अहिं बीजी प्रशस्तिमां '**द्वाविंशतिलक्षपुस्तकव्ययिना**' पद आश्चर्य उपजावे छे. २२ लाख पुस्तकोना संग्रहालयवाळा अथवा २२ लाख द्रव्य पुस्तक माटे वापरनारा एम २ अर्थो विचारी शकाय. जो के प्रथम अर्थ करता बीजो अर्थ वधु संगत थाय कारण के २२ लाख हस्तप्रत (पुस्तको)नो संग्रह एक अकल्पनीय घटना छे. पूर्वे ज्यारे अधिक मात्रा (प्रमाण)मां रखायेल उपधि पण परिग्रहरूपे गणाती त्यारे मुनिभगवंत वडे आटली मोटी संख्यामां रखायेल पुस्तको माटे शुं विचारवुं ? बीजु आ ज समयगाळामां ज्यारे हीरविजयसूरिजीना गुणोथी आकर्षाई सम्राट् अकबरे सूरिजीने आग्रानो भंडार आपवा जणाव्युं हतु त्यारे पुस्तकादिने परिग्रहरूप जणावी सूरिजीए ते स्वीकारवानी ना कही हती तेम दृष्टांत पण मळे छे, तेथी प्रथम अर्थ विचारता बराबर बेसतो नथी. जो के प्रशस्तिमां ज लखायेल '**स्वकीय पौस्तकः कोशः**' पद लेखकना पोताना भंडार (लायब्रेरी)नी ओळख करावे छे. कदाच हीरविजयसूरिजीनी आसपासना तुरंतना काळमां अध्ययनादिमां उपयोगी पुस्तकादि सामग्रीने परिग्रह रूपे न गणता आवा प्रतसंग्रहनी व्यवस्था शरू थई होय तेम बने छता आवडी मोटी संख्यामां पुस्तकोनो संग्रह थयो होय तेवुं मानवा मन तैयार नथी. बीजा अर्थने उंडाणथी विचारीए तो उपरोक्त मुनिभगवंते अन्य कोई समृद्ध श्रावकोनी पासे द्रव्यना व्यये स्वर्ण, रौप्यादि शाहीथी ग्रंथो लखाव्या होय, जीर्ण प्रतोनो उद्धार कराव्यो होय, पुस्तकादि खरीदाव्यु होय, ज्ञानभंडारनुं नूतनीकरण कराव्युं होय तेम करता पूज्यश्रीनी प्रेरणाथी उपरोक्त रकमनो कुल व्यय आटलो थयो होय तेम बने. पूर्वे परमार्हत् कुमारपाळ, महामात्य वस्तुपाल, सोनी संग्राम शेठ शांतिदास जेवा श्रावकोए घणु द्रव्य खरची श्रुतरक्षा कर्याना घणा उल्लेखो मळे छे. मूळे पूज्यश्रीनी प्रेरणाथी श्रुतसंरक्षण-संवर्धन थतु होइ पूज्यश्रीने माटे '**द्वाविंशतिलक्षपुस्तकव्ययिना**' एवुं विशिष्ट विशेषण वपरायु होय तेम विचारी शकाय आम बीजो अर्थ वधु संगत होय तेम लागे छे. छतां आ अंगे विद्वानो अमारुं योग्य मार्गदर्शन करशे एज आशा.

अत्यारे ज्यारे समृद्धश्रावको पण श्रुतभक्तिथी विमुख थई रह्या छे त्यारे आ नोंध वाच्या बाद तेओ वधुने वधु श्रुतभक्तिमां उद्यमवंत बने एज अभिलाषा.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# भगवतीसूत्र गहुंली तथा गुरुगुण गहुंली

साध्वीश्री मधुरहंसाश्रीजी
साध्वीश्री रत्नहंसाश्रीजी

## परिचय

गहुंली एटले गुजराती गीतोनो एक प्रकार. गहुंलीनो मूळ अर्थ घउंनी ढगली एवो[1] छे. गुरुना स्वागत माटे तेमनी सामे करवामां आवती स्वस्तिक वगेरे आकृतिनी रचनाने गहुंली कहेवाय छे. तेमां घउं विगेरे धान्यनो उपयोग थाय छे. वर्तमानमां घउंने स्थाने केवल चोखानी गहुंली काढवामां आवे छे.

अढारमी सदीमां थयेला पूर्णिमागच्छना आचार्य श्रीभावप्रभसूरिए 'गोधूलिकार्थ' नामनी लघुकृतिमां गहुंली शब्दनुं ज विवरण कर्युं छे. तेमां गहुंली शब्दना छ मंगलरूप अर्थ, दस शब्दार्थ, बार आध्यात्मिक अर्थ, तेर लौकिक अर्थ एम कुल एकतालीस अर्थ बताव्या छे. तेओ जणावे छे के[2]-श्री जिनशासनमां देव अने गुरुनी सामे भक्ति माटे, मंगल माटे अने सिद्धांतनो विनय करवा माटे साथियानी रचना करवामां आवे छे तेने गहुंली कहेवाय छे. तेमना कथन मुजब गहुंली रचनानुं मूळ आगममां मळे छे.

उत्तराध्ययन सूत्रना ३५मां अध्यननी १८मी गाथामां गुरुनां अर्चन, रंजन, वंदन, पूजन, सत्कार, सन्माननो उल्लेख छे. अहींयां रंजननो अर्थ गहुंली छे. लोकमां पण जमणवारमां मिठाइ बनावी होय ते खुटे नहि ते माटे मिठाइनां वासण पासे साथियो करवामां आवे छे तेने गहुंली कहेवाय छे. आम बधां ज शुभ स्थानोमां मंगल माटे गहुंली रचवानो रिवाज बहु पुराणो छे. शुभ स्थानमां मिठाइ वगेरेनी रक्षा माटे गहुंली करीने सधवा स्त्रीओ मंगल गीतो गाती. आ गीतो पण

१. जूओ : मध्यकालीन गुजराती शब्दकोश. सं. जयंत कोठारी, (१९९९)

२. श्रीमति जिनशासने देवगुरुप्रमुखपुरतो भक्तिहेतोर्माङ्गल्यहेतोः सिद्धांतविनयहेतोः लोकेऽपि च सुखभक्षिकाभाजनसमीपभूमण्डले तदक्ष्यहेतोः स्वस्तिकरचना क्रियते । .... यतस्तत्राष्टादशी गाथा-
अच्चणं रयणं चेव वंदणं पूअणं तहा । इड्ढीसक्कारसम्माणं मणसा वि न पत्थए ॥ अत्र रयणं रञ्जनम् इत्यस्यार्थो 'गुंहलो' इति कथित इति । स्वस्तिकरचनाया नाम गोधूलिका इत्यादि संस्कृते । प्राकृते गुंहुलिका गुंहुली इत्यादि नामांतराणि कथ्यंते । (गुंहलिकापरपर्याय-गोधूलिकार्थः-जैनधर्मवरस्तोत्र पत्र १२९)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गहुंलीना नामे प्रसिद्ध थयां. आ प्रथा धर्ममां पण दाखल थइ अने गुरु समक्ष तेमना प्रवेश आदि प्रसंगे के व्याख्यान पूर्ण थया पछी मंगल गीतो गावानी शरुआत थइ. आ गीतो गहुंलीना नामे ओळखावा लाग्यां.

मुख्यत्वे गहुंली जैनमुनिओना व्याख्यान दरम्यान बहेनो द्वारा गावामां आवे छे. तेमां महाराज साहेबना गुणोनुं वर्णन होय छे, तेमनी वाणीनी प्रशंसा करवामां आवे छे अने तेओ जे सूत्र वांचता होय तेनो महिमा गावामां आवे छे. जैनमुनिओ सभामां धर्मनो उपदेश आपे तेने व्याख्यान कहेवाय छे.

साधारण रीते चोमासा सिवायना आठ महिना तेओ एक गामथी बीजे गाम कोइनी सहायता वगर खुल्ला पगे फरता रहे छे. चोमासाना चार महिना एक स्थानमां स्थिर रहे छे विहारमां के चोमासामां तेओ समाजने व्याख्यान द्वारा प्रबोधन करता रहे छे. आठ महिनामां विहारने कारणे व्याख्यान अनियमित होय छे माटे चोमासामां गृहस्थवर्गनी व्याख्यान माटेनी उत्कंठा प्रबळ होय छे.

जैन साधु शास्त्रना जाणकार अने उत्तम वक्ता होय छे तेथी तेमना व्याख्यान प्रभावशाळी होय छे. तेमना व्याख्यान द्वारा सांभळनार कठिन तप करवा प्रेरित थाय छे. आम तेमनी वाणीथी आकर्षाईने लोको अहोभावथी तेमना गुणगान करे ते सहज छे.

चोमासामां साधुभगवंतो कोइ एक सूत्रना आधारे प्रवचन आपे छे. आ सूत्र पण महत्त्वनुं छे. गहुंलीमां तेना पण गुण गवाय छे. मोटे भागे सधवा स्त्रीओ गहुंली गाती होय छे. गहुंलीनी रचना गानारी स्त्रीओ पण करे छे अने बीजानी रचना पण गाय छे. साधुभगवंतो पण पोताना गुरुना गुणोनुं वर्णन करती के सूत्रनो महिमागान करती गहुंली बनावी आपे छे. स्वाभाविक रीते ज ज्ञानी अने प्रभावसंपन्न साधुभगवंतो द्वारा रचायेली गहुंलीमां गंभीरता, कल्पना अने चमत्कृति सविशेष जोवा मळे छे. मध्यकाळमां साधुभगवंतो द्वारा आवी अनेक गहुंली रचाइ छे अने लखाइ पण छे परंतु तेनी व्यवस्थित नोंध के इतिहास मळता नथी. आवी कृतिओ छुटक छुटक पानांओमां अहीं तहीं वेरायेली जोवा मळे छे.

अहीं आवी ज बे अप्रचलित गहुंलीनुं संपादन प्रस्तुत छे. आ कृति कोइ व्यवस्थित नथी परंतु एक छुटक पानांमां लखायेली जोवा मळे छे. पानांना हस्ताक्षर जोतां तेनो लेखनसंवत् लगभग १९मी सदी छे. पानांनी लंबाइ x पहोळाइ ११ x २५ सें. मी. छे. ९ पंक्ति छे. स्थिति सारी छे. पूर्ण छे. अंते लेखकनुं नाम नथी. प्रत शुद्ध छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भगवतीसूत्रनी गहुंली

**कर्ता :**

मध्यकालीन गुजराती साहित्य रचनामां जैन कविओनो फाळो बहु मोटो छे. आ काळमां रचायेलुं लगभग सित्तेर टका जेटलुं साहित्य जैन कविओनुं छे. प्रस्तुत् कृतिना कर्ता श्रीविनयचंद्रनो समय निश्चित नथी. मध्यकाळमां आ नामना पाँच कवि थया छे.[१]

(१) १४ सदीमां आ. श्री रत्नसिंहसूरिना शिष्य आ. श्रीविनयचंद्रसूरि थया. तेमणे 'नेमिनाथ चतुष्पदिका' तेम ज 'बारव्रतना रासनी रचना करी छे. 'कल्पनिर्युक्ति', 'दीपालिकाकल्प' ए संस्कृत कृति तथा 'आनंदप्रथमोपासक संधि' ए अपभ्रंशकृति तेमनी अन्य रचनाओ छे.

(२) सं. १६६०मां तपागच्छना पं. मुनिचन्द्रना शिष्य श्रीविनयचंद्र थया. तेमणे 'बारव्रतनी सज्झाय' रची छे.

(३) १८मी सदीना उत्तरार्धमां श्यामऋषिनी परंपरामां अनोपचंदना शिष्य श्रीविनयचंद्र थया. तेमणे 'मयणरेहा चोपाई' अने 'सुभद्रा चोपाई'नी रचना करी छे.

(४) १८मी सदीना उत्तरार्धमां जिनचंद्र-समयसुंदरनी परंपरामां ज्ञानतिलकना शिष्य श्रीविनयचंद्र थया. तेमणे 'उत्तमकुमारचरित्र-रास', 'चोवीसी, वीसी', 'अगियारअंगनी सज्झाय', 'जिनप्रतिमानिरूपण सज्झाय' वगेरे कृतिओ रची छे.

(५) आशरे १८मी सदीना उत्तरार्धमां श्रीविनयचंद्र. तेमणे हिंदी मिश्र गुजरातीमां 'बुड्ढाउपदेशपचीसी सज्झाय' वगेरे कृतिओ रची छे.

श्रीविनयचंद्र नामना पांच साधुभगवंतोमांथी प्रस्तुत् कृतिना कर्ता १८मी सदीना उत्तरार्धमां थया होवा जोइए तेवुं कृतिनुं आंतरिक कलेवर जोतां जणाय छे. १८मी सदीना उत्तरार्धमां श्रीविनयचंद्र नामना त्रण साधुभगवंत थया छे. तेमांथी प्रस्तुत् कृतिना कर्ता कोण छे ते कहेवुं मुश्केल छे.

---

१. जूओ : मध्यकालीन गुजराती साहित्यकोश. खंड १ मध्यकाळ पत्र ४०८ सं. जयंत कोठारी, (१९८९)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परिचय : भगवतीसूत्रनी गहुंली

आ कृतिनुं नाम भगवतीसूत्रनी गहुंली छे. भगवतीसूत्रनी गहुंली काव्यनी दृष्टिए मनोहर छे. तेमां भगवतीसूत्रनो सामान्य परिचय आपवामां आव्यो छे अने आ महान सूत्र केवी रीते सांभळवुं तेनो साधारण विधि दर्शाव्यो छे. कविए अहीं अलंकारो पण प्रयोज्या छे.

जैन धर्ममां ४५ आगमो प्रसिद्ध छे. आगम एटले महावीर स्वामीए अर्थथी कहेला वचनोने तेमना प्रथम शिष्योए गुंथीने रचेलां सूत्रो. ४५ आगमोमां भगवतीसूत्र सहुथी मोटुं छे. माटे ज कवि कहे छे के - भगवतीसूत्रमां जिनवरनां वचनो पार विनाना छे.[१] भगवतीसूत्रनी विशाळताने कवि उपमा द्वारा समजावे छे के - ते गंगा नदी जेवा छे. पुराणमां एवी कल्पना छे के - गंगा नदी स्वर्गमांथी नीकळी शंकरनी जटामां झीलाइ. त्यांथी पृथ्वी पर हिमालयमां अवतरी. जैन धर्म आवुं मानतो नथी. जैन धर्म प्रमाणे भरतक्षेत्रनी उत्तरे आवेला हिमवंत पर्वतमांथी गंगा अने सिंधु नदीओ नीकळी छे. आ बन्ने नदीना प्रवाहनी जेम भगवतीसूत्रना वचनो पार विनाना छे. सूर्यप्रज्ञप्ति नामनुं प्राभृत[२] भगवतीसूत्रनुं उपांग[३] छे. भगवतीसूत्र दरिया जेवुं विशाळ छे तेमांथी नीकळता अर्थो दरियामां उठतां मोजां जेवां छे. दरियामां उठतां मोजां अनंत होय तेम भगवतीसूत्रना अर्थ अनंत छे. कविए अहीं फरी उपमा अलंकार प्रयोज्यो छे. (कडी-२) भगवतीसूत्रमां एक श्रुतस्कंध छे. १०१ अध्ययन छे. १०,००० उद्देशा छे, ३६,००० प्रश्नो छे. २,८८,००० पद छे[४]. भगवतीसूत्रमां लोक अने अलोकनां स्वरूपनुं वर्णन छे. भगवतीसूत्रनुं खरुं नाम

---

१. जूओ : भगवतीसूत्रनी गहुली कडी-१

२. प्राभृत-दृष्टिवाद नामना बारमां अंगमां १४ पूर्व छे. पूर्वना एक विभागने प्राभृत कहेवाय छे. आनो अर्थ ए थाय के - सूर्यप्रज्ञप्ति नामनुं उपांग पूर्वमांथी आवेलुं छे.

३. आगमोनुं वर्गीकरण छ विभागमां थयुं छे. अंग, उपांग, छेद, मूल, चूलिका, प्रकीर्णक, शरीरनां मस्तक वगेरे मुख्य अवयव अंग कहेवाय अने आंगळी वगेरे अवयव उपांग कहेवाय तेम मुख्य आगम सूत्रने अंग कहेवाय अने तेनी साथे संलग्न सूत्रने उपांग कहेवाय.

४. आगमसूत्रोनो क्रम सरळताथी याद राखवा तेना-श्रुतस्कंध, अध्ययन, उद्देश अने पद आ प्रमाणे विभाग करवामां आव्या छे. अनेक पदनो एक उद्देश बने, अनेक उद्देशनुं एक अध्ययन बने, अनेक अध्ययनोनुं एक श्रुतस्कंध बने. एक आगममां एक के एकथी वधु श्रुतस्कंध होय. अहीं पद वगेरेनी जे संख्या दर्शाववामां आवी छे तेटला हाल उपलब्ध नथी.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विवाहप्रज्ञप्ति (अथवा व्याख्याप्रज्ञप्ति) छे.[१]

आ सूत्र आगमोमां सहुथी मोटुं छे. तेमां अनेक व्यक्तिए प्रभुने पूछेला प्रश्नोनो संग्रह छे. मोटे भागे प्रश्नो श्री गौतमस्वामी द्वारा पूछाया छे. तेथी तेमां गौतमस्वामीनुं नाम घणी वार आवे छे.

जेटली वार गौतमस्वामीनुं नाम आवे तेटली वार नाणुं एटले पैसा मूकी भगवतीसूत्रनुं पूजन करवाथी सम्यग्ज्ञान वधे छे. आ रीते पूजन करी सूत्र सांभळवाथी सूत्रनुं बहुमान थाय छे. साथे ज आ सूत्र सांभळती वखते साधु तथा सार्धमिकनी भक्ति पण मनमां प्रेम धरी करवी जोइए.

आ सूत्र सांभळनार दरेकने प्रभावना[२] अर्पण करवी जोइए. आ सूत्र संभळावनार गुरु पर भक्तिराग धारण करवो जोइए. श्रीभगवतीसूत्रना बहुमानथी आ भवमां अने परभवमां मनोवांछित कार्य सिद्ध थाय छे अने परंपराए मोक्ष मळे छे. आम आ लघुकृति श्रीभगवतीसूत्रनी माहिती आपवा साथे तेना श्रवणथी थता लाभनुं वर्णन करे छे.

## भगवतीसूत्रनी गहुंली

पंचमांग भगवति जांणीये रे, जिहां जिनवरना वचन अथाह रे ।
हिमवंत पर्वतसेंती नीकळ्या रे, मानुं गंगासिंधु प्रवाह रे ।।पं. १।।

सूरपन्नत्ति नांमे पाहुडो रे, जेहनो छे उदार उवांग रे ।
सूत्रतणी रचना दरीया जिसी रे, मांहिला अर्थ जस जलतरंग रे ।।पं. २।।

इहां तो श्रुतखंध एक अति भलो रे, एकसो एक अध्ययन उदार रे ।
दस हजार उद्देसा जेहना रे, जिहां कणे प्रश्न छत्तीस हजार रे ।।पं. ३।।

पद तो दोय लाख अरथे भर्या रे, उपर सहस अठ्यासी जांण रे ।
लोकालोक सरूपनी वर्णना रे, विवाह पण्णत्ती अधिक प्रमांण रे ।।पं. ४।।

गौतम नांमे नांणु मुंकीए रे, समकित ज्ञांन उदय होय जेम रे ।
कीजिए साधु तथा सांमी तणी रे, भक्ति जुगति मन आंणी प्रेम रे ।।पं. ५।।

करीए पूजा ने परभावना रे, धरीए सद्गुरु उपर राग रे ।
सुणीए सूत्र भगवती रागसू(सुं) रे, तो होय भवसागरनो त्याग रे ।।पं. ६।।

---

१. टीकाकार श्री अभयदेवसू. म. ए तेना विविध अर्थनुं विवरण कर्युं छे.

२. प्रभावना - प्रेम, बहुमानपूर्वक अपातुं द्रव्य के वस्तु-पहेरामणी.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इणी परे एह सूत्र आराधतां रे, इणि भव सीझे वंछीत काज रे ।
परभव **विनयचंद्र** कहे ते लहे रे, मोहन मुगतिपुरीनो राज रे ।।पं. ७ ।।१

## गुरुगुण गहुंली : कर्ता

बीजी कृति नाम विनानी छे छतां तेना विषय प्रमाणे तेने गुरुगुण गहुंलीना नामे ओळखीशुं. आ कृतिना कर्ताए पोतानुं नाम आनंदघन जणाव्युं छे. पण तेओ चोवीसी अने पदोना कर्ता तरीके प्रसिद्ध आनंदघनजी होय तेवी संभावना ओछी छे. चोक्कस विगतो न मळे त्यां सुधी तेमने अज्ञात मानवा ज उचित कहेवाशे.

## गुरुगुण गहुंली : परिचय

आ गहुंली मंगलगीत स्वरूप छे. तेमां सहज रीते अध्यात्मना भावो गुंथी लेवामां आव्या छे. तेमां प्रधानपणे गुरुना माध्यमथी आत्माना शुद्ध स्वरूपनी प्राप्तिनुं निरूपण छे. गुरुना सत्कारमां जे व्यक्ति जोडाय छे अने जे सामग्री वपराय छे ते बन्नेनो अहीं आध्यात्मिक संदर्भ विचारवामां आव्यो छे.

आ गहुंलीमां एक सधवा स्त्री बीजी सधवा स्त्रीने गुरु समक्ष गहुंली करवानुं आमंत्रण आपी रही छे. ते कहे छे के – सौभाग्यवती स्त्रीओ ! तमे सहु अहीं आवो अने साथियो पूरो. भक्तिरागनुं कंकु घोळो[१]. तेमां शुभध्याननुं बरास[२] मेळवो. साथियो करी नरभवनो लाभ लो.

अहीं साथियो करवामां कंकु अने बरास द्रव्यनो उल्लेख थयो छे ते बतावे छे के ते समये गुरुनी सामे गहुंलीमां कंकु, बरास, केसर जेवां मंगल द्रव्यो पाणीमां भेळवी तेनो साथियो करवामां आवतो हशे. हाल केवळ चोखाथी साथियो करवामां आवे छे ते प्रथा कदाच ते समयमां प्रचलित होय के न पण होय. साथियो करवामां वपरातां द्रव्योनुं आध्यात्मिक अर्थघटन करता कविए भक्तिने कंकुनी अने शुभध्यानने बरासनी उपमा आपी छे. सौभाग्यवती स्त्री माटे कंकु तेना जीवन आधारनुं प्रतीक छे. ते तेने मस्तक पर धारण करे छे. कंकुनी जेम भक्ति पण जीवननो आधार छे अने सदा शिरोधार्य छे तेम कवि कहेवा मांगे छे. कविए शुभध्यानने बरासनी उपमा आपी छे. केम के बरास सफेद होय छे, ठंडक करे छे अने ज्वलनशील छे. बरासनी जेम शुभध्यान पवित्र छे, समतानुं

१. घोळवुं – पाणीमां भींजवी एकाकार करवुं.
२. बरास – कपूर.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कारण छे तेम ज कर्म बाळवा समर्थ छे. (कडी-१)

कोइपण स्त्री सारां काममां पोतानी नजीकनी सखीओने बोलावे. अहीं गहुंली करवा माटे बोलावाती सखीओनो आध्यात्मिक संदर्भ सद्बुद्धि तरीके छे अने गुरुनो आध्यात्मिक संदर्भ अनुभव तरीके छे.

आत्मानो अनुभव ज सहुथी मोटो गुरु छे. सधवा स्त्री पोतानी सखीओने कहे छे के तमे आवो अने आनंदमां मस्त बनीने अनुभवरूपी गुरुना गुण गाओ. मनरूपी थाळीमां समकितरूपी मोती भरो. कल्याणमित्र गुरुनी साथे रहो. (कडी-२) ज्ञानाचार[1] वगेरे आचार अलंकार जेवा छे. ते नवां नवां अलंकार पहेरो. घूंटण सुधी पहोंचे तेवी संयमनी ओढणी ओढीने आत्मानुभवरूप गुरुना गुण गाओ. संयमनी ओढणी सद्बुद्धिनी रक्षा करे छे. (कडी-३) (अहीं कविए प्राचीन मर्यादानो निर्देश कर्यो छे. घूंटण सुधी पहोंचे तेवी ओढणी ओढवाना संस्कारने घाट ओढवो - लाज काढवी एम कहेवाय छे.) तमे तमारी साथे मैत्री, करुणा, मुदिता अने उपेक्षा नामनी चार सहेलीने पण लेता आवजो. आ चार भावना भव्यजीवनो[2] संयोग पामी उदयमां आवे छे.

गुरु सामे विविध प्रकारनां वाजिंत्रो वगडावो. अहीं नयवादने[3] वाजिंत्रो कहेवामां आव्यां छे. जेम अनेक अलग-अलग वाजिंत्रो साथे मळीने संगीत उत्पन्न करे छे तेम पदार्थना अलग अलग अंश बतावता नय साथे मळीने पदार्थनुं संपूर्ण दर्शन करावे छे. सधवा स्त्री पोतानी सखीओने कहे छे के तमे नयवादनां वाजिंत्रो साथे अनुभवरूपी गुरुना गुण गाओ जे विरतिरूपी सिंहासन पर बेठा छे. अहीं कवि ए कहेवा मांगे छे के-विरति विना आत्मानो अनुभव प्राप्त थतो नथी. सखीओ ! आ संसारमां मानवभव, पाँच इंद्रियो, गुरुनो योग वगेरे सामग्री मळवी बहु दुर्लभ छे. तेने सफळ करवानो आ अवसर छे. जो मोक्षमां जवुं होय तो आ अवसरनो सवायो लाभ लेजो. आ रीते द्रव्यथी कंकु वगेरे द्वारा अने भावथी भक्ति वगेरे द्वारा गहुंली करी जे आत्मानुभवरूपी गुरुना गुण गाय छे ते बहु मोटुं पुण्य बांधे छे. तेनां फळ स्वरूपे ते देवलोकमां अनुत्तर विमाननां[4] सुख अनुभवे छे

---

१. ज्ञानाचार, दर्शनाचार, चारित्राचार, तपाचार अने वीर्याचार आ पाँच आचारना घणा भेद छे.

२. भव्यजीव - मोक्षमां जवाने लायक आत्मा.

३. नय - पदार्थना अनेक अंशमांथी केवळ कोइ एक अंशनुं ज्ञान.

४. अनुत्तरविमान - जैन परिभाषा मुजब सहुथी उंचो देवलोक

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अने आनंदना समूह स्वरूप मोक्ष पामे छे. आम आ गहुंलीमां गुरुगुणस्तवनानो आध्यात्मिक अर्थ व्यक्त कर्यो छे.

आ कृतिमां बे स्थळ संपादन योग्य जणाया छे. बीजी कडीमां 'समगत मोती' आ पाठने स्थाने 'समकित मोती' आ पाठ वधु संगत जणाय छे. त्रीजी कडीमां 'ज्ञानचार' आ पाठने स्थाने 'ज्ञानाचार' आ पाठ वधु संगत जणाय छे. श्रीभगवतीसूत्रनी गहुंलीमां छट्ठी कडीमां 'रागस्' आ पाठने स्थाने 'रागसुं' आ पाठ वधु संगत जणाय छे.

आ लघुकृतिओनुं संपादन अमारा उपकारी पू. मुनिश्री वैराग्यरतिविजयजी म. ना मार्गदर्शन हेठळ थयुं छे. ते माटे अमे तेमनी प्रत्ये कृतज्ञता अभिव्यक्त करीए छीए. आ अमारुं सर्वप्रथम संपादन छे तेथी तेमां जणाती क्षतिओ विद्वज्जनो सुधारी लेशे एवी विनंति करीए छीए.

### ॥ गुरुगुण गहुंली ॥

पूरो सोहागण साथियो भक्तिरागते कुंकुम घोली रे ।
नरभव लाहो लिजीये शुभध्यांन बरासमांहि चोली रे ।।पू. १।।

सुमति सोहागण सब मिली गावो अनुभव गुरुगुण रंगे रे ।
समकित मोती रुयडे मन थाल भरी गुरुसंग रे ।।पू. २।।

ज्ञानाचार परमुख तिहां पेरी भूषण नव नव अंगे रे ।
घाट ओढी घूंटी समो संजममांहि निज मन चंगे रे ।।पू. ३।।

चार सखी टोली मली मैत्री करुणानुमुदिता रे ।
चोथी उपेक्षा रुयडी भव्यादिक जोग उदिता रे ।।पू. ४।।

नयवादादिक वाजा तिहां वजडावो विविध प्रकारे रे ।
गावो अनुभव गुरुगुणना जसे विरति सिंहासण सार रे ।।पू. ५।।

इत्यादिक जे दोहेली सांमग्री ते सवि पांमी रे ।
अवसर पांमी लाहो लिजीए जो मोक्षतणा छो कांमी रे ।।पू. ६।।

इणि परे जे गवलिं करे द्रव्यभावथी गुरुगुण गावे रे ।
अनुत्तर सुख ते अनुभवि न्याइ **आनंदघन** पद ते पावे रे ।।पू. ७।।१

# विजयदेवेंद्रसूरि संबंधी बे स्वाध्याय

हिरेन के. दोशी

विक्रमनी १९मी सदीमां थयेला आचार्य श्री विजयजिनेंद्रसूरिजी महाराजना शिष्य आचार्य श्री विजयदेवेंद्रसूरिमहाराजना गुणोने प्रकाशित करती आ बन्ने कृति प्रायः सौ प्रथमवार प्रकाशित थाय छे. मध्यकाळना कविओ पासेथी गुणपरक अने गुणप्रेरक आवी अनेक रचनाओ प्राप्त थाय छे. विक्रमनी १९मी सदीमां थयेला आचार्य विजयजिनेन्द्रसूरि महाराजना शिष्य आचार्य श्री विजयदेवेंद्रसूरि महाराजनी स्तवना आ बन्ने कृतिनो मुख्य विषय छे. बन्ने कृतिओमां आचार्य महाराजना गुणकीर्तननी साथे-साथे एमना जन्मस्थान, गोत्र, अने माता-पिताना नामनो उल्लेख मळे छे. वि. सं. १८८४ना महा सुद १ना सिरोहीमां आचार्य श्री विजयजिनेंद्रसूरिजी महाराजनी पाटे गच्छनायक रूपे बिराजमान थयानो उल्लेख बन्ने कृतिमां समानपणे नोंधायो छे. विजयदेवेंद्रसूरिजी महाराजना गच्छनायक पदारोहण प्रसंगे के एना आसपासना समयमां ज आ कृतिओनी रचना थई होवानी संभावना छे.

विजयदेवेंद्रसूरि पाटमहोच्छव स्वाध्याय कुल ९ कडीमां प्राप्त थाय छे. पाटमहोत्सव स्वाध्याय रूपे मळती आ कृतिमां पाट महोच्छव संबंधी विशेष हकीकतोनो उल्लेख थयो नथी. विजयदेवेंद्रसूरि महाराजना गुणोनुं वर्णन करता कवि कहे छे के मुखमां सरस्वतीनो वास हतो, अने हाथमां लक्ष्मीनो वास हतो, आम तो, लक्ष्मी स्वभावे चंचळ होय छे. परंतु गुरुना हाथमां लक्ष्मीना वासनी वात साथे लक्ष्मीना चंचळपणाना त्यागनी वात पण कविए बहु सुंदर रीते रजु करी छे. आगळनी कडीओमां एमनी धीरताने मेरुपर्वतनी अडगता साथे सरखावी छे. तो वळी विजयजिनेंद्रसूरि रूपी आकाशने विजयदेवेंद्रसूरि रूपी सूर्यए वधु तेजस्वी अने प्रकाशमान कर्यानी वात कविए सातमी कडीमां रजु करी छे. कृतिना अंते माणिक्य लखी कर्ताए पोतानो नामोल्लेख कर्यो छे.

**कर्ता परिचय :-** प्रस्तुत् कृतिना कर्ता माणिक्यविजय विजयदेवेंद्रसूरि महाराजना समकालीन होवानी प्रबळ संभावना छे. कृतिमां वाचकप्रवर शब्दना उल्लेखथी माणिक्यविजय आचार्य महाराजना परिवारमां उपाध्याय पदासीन होवानी साथे अग्रेसर स्थान धरावता होवानुं पण सूचित थाय छे. कर्ताना नामोल्लेख सिवाय कृतिमां अन्य कोई परिचय न मळवाथी कर्ता संबंधी विशेष माहितीनो अत्रे उल्लेख करी शकायो नथी.

विजयदेवेंद्रसूरि स्वाध्याय रूपे उल्लेखित आ कृति कुल ९ कडीमां रचाई छे. प्रस्तुत् कृतिमां गुणस्तवना अने विगत वर्णनमां कविए विविध उपमा द्वारा विजयदेवेंद्रसूरिमहाराजनी स्तवना करी छे. आम तो आ कृति स्वाध्याय करता



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गहुली स्वरूप वधु भासे छे. परंतु प्रतना अंते **इति श्रीस्वाध्याय** लख्युं होवाथी कृतिनुं नाम विजयदेवेंद्रसूरि स्वाध्याय एवुं राख्युं छे. रचनामां गुजरातीनी साथे हिंदी अने राजस्थानी भाषानी छांट पण जोवा मळे छे. एकंदरे कृति भाववाही अने गेयप्रधान छे. कृतिनी बीजी कडीमां विजयदेवेंद्रसूरि महाराजना जन्मस्थान अने माता-पितानी विगतो आलेखाई छे. तो त्रीजी अने चोथी कडीमां आचार्य महाराजनी पाटस्थापना विशेनी विगतोने कविए प्रस्तुत करी छे. पांचमी अने छठ्ठी कडीमां आचार्य महाराजनी वाणीने वादळना पाणी अने तेजना किरणो जेवी पारंपरिक उपमा साथे सरखावी छे. तो आचार्य महाराजना गुणोनो परिचय कराववा विविध उपमाओथी परिचय प्रस्तुत कर्यो छे. कृतिनी सातमी, आठमी, अने नवमी कडीमां कविए विजयदेवेंद्रसूरि महाराजना तेज अने प्रभावनी वात करी छे. तो साथे साथे पाट परंपरा अखंडतानो भाव अने शासनदेवीना सान्निध्यनी जंखना व्यक्त करी छे. कृतिना अंते कविए दलपत लखी पोतानो नामोल्लेख कर्यो छे.

**कर्ता परिचय :-** प्रस्तुत् कृतिना कर्ता विजयदेवेंद्रसूरि महाराजना आज्ञानुवर्ति होवानी संभावना छे. प्रस्तुत् कृतिनी हस्तप्रत अने ज्ञानमंदिरमां संगृहीत एक तीर्थमाळा स्तवननी हस्तप्रतना अंते प्रतिलेखक तरीके दोलतरुचिना नामनो उल्लेख मळे छे. अने बन्ने हस्तप्रतोना आलेखन अने अक्षरमां पण महदंशे साम्यता जोवा मळे छे. आथी बन्ने प्रतोना प्रतिलेखक तरीके दोलतरुचि होवा संभवे छे. आ ज दोलतरुचि कृत तीर्थमाळा स्तवन ढाळ-३नी छेल्ली कडीओमां आपेल गुरुपरंपरा अनुसार दलपतरुचिविजयजीना गुरुनुं नाम लालविजय हतु, अने एमना गुरुनुं नाम दलपतरुचि हतु, तीर्थमाळा स्तवनमां मळती गुरुपरंपरा अनुसार उपरोक्तकृतिना कर्ता दोलतरुचि विजयना दादागुरु तरीके उपरोक्त कृतिना कर्ता तरीके दलपतरुचि होवानी संभावना व्यक्त थाय छे.

**शशीनीधीतीसावरषे( १९३० ) आसाढ बीज महाभाग्य ए**
**दलपत पाटे लाल शीष्य, दोलतरुचि शिवमाग्य ए. १०**

दलपतरुचिविजयना गुरु अने एमना जन्म, दीक्षा विगेरे संबंधी विशेष हकीकतो प्राप्य थई शकी नथी, बंन्ने कृतिना कर्ता विशे विद्वानो वधु जणावे ए ज आशा साथे...

**प्रत परिचय :-**

विजयदेवेंद्रसूरि पाटमहोच्छव स्वाध्यायनी प्रत अमारा ज्ञानमंदिरमां ५२५४७ नंबरना क्रमांक पर नोंधायेली छे. प्रतना लेखन संबंधी समय अने स्थळनी विगतो लखाई नथी, पण प्रत अने लेखनशैली जोवाथी प्रत प्रायः २०मी सदीनी होवानी संभावना छे. प्रतनुं परिमाण १४.५० X ११ छे. प्रतमां कुल १ पत्र ज छे. प्रतमां

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



१२ लाईनमां ३५ जेटला अक्षरोनुं आलेखन थयुं छे. प्रतनी किनारीओ वधु उपयोगने कारणे जीर्ण थई गई छे, तो क्यांक क्यांक जीवात कारणे छिद्रो पडी गया छे. एकंदरे स्थिति सामान्य छे.

विजयदेवेंद्रसूरि स्वाध्याय आ कृतिनी हस्तप्रत अमारा ज्ञानमंदिरमां ४३४६८ नंबरना क्रमांक पर नोंधायेल छे. वि. सं. १९५५ना आसो वदि ५ना सोमवारे अगस्तपुरनगरमां पंडित दोलतरुचि द्वारा लखायेली छे. आ प्रतमां १ ज पत्र छे. प्रतनुं परिमाण २६.५० x १२.५० छे. प्रतमां १५ लाईनमां ३३ अक्षरोनुं आलेखन थयुं छे.

## विजयदेवेंद्रसूरि पाटमहोच्छव स्वाध्याय

आज शी(शि)रताज गछराज भले भेटीयो, पाइयो अधिक आनंद तनुंमें[१] ।
गछ चोरासीमां तु अतिदीपतो, जीपतो सत्तु[२] सवि एक छिनमां[३](में) ॥१॥

तव मुखंबुजवासनी भगवति सामनी, चपलता छांड करमांहि लछि ।
किर्ति(र्ती) तुझ द्वैषथी ठांम[४] अण[५] पांमति, सोय मद आंण दिग्प्रांत गछि ॥२॥

वंस उपकेस वर देस मरूमंडले, नयर सेत्रावो तुम जन्मथांने ।
मेरु जीम धीरता जगतमें ताहरी, वीचरता जगतीतले कोपमानं(ने) ॥३॥

वेदअरुसीद्धवसुंचंद्रसंवछरें(१८८४), माघ सुद प्रतिपदें गुरू वीर आयो ।
सेर[६] सिरोहि(ही) सवि साधु-श्रावक मिलि, थापीयो तखत[७] गुरूराज पायो ॥४॥

विवी(वि)ध तु(तू)र[८] सरणाइ(ई) नाद होवें भला, धवल सीमंतनी सरस गावे ।
मेघ जिम गाजति वांणी मुख वरसति, श्रोत भवि मोर सुख-चेन पावे ॥५॥

सकलचंद्राननी गोरडी मि(मी)ली एकठी, आय वंदन करें गुरु सिस नांमी ।
हरखभर मोतिये लुंछण[९] लि(ले)वती, जांणति सफल अवतार पांमी ॥६॥

श्रीविजयजिनेंद्रसूरीस पट्टांबरे, उगीयो सहसकिरणावतारी ।
चोपडागोत्र जस मात सरुपांदे, तात अमीचंद कुल उद्यौतकारी ॥७॥

कोडवरसां लगे प्रतपज्यो गछपति, श्रीविजयदेवेंद्रसूरिसहाया[१०] ।
आंण अखंड चिहुंखंड तुझ विस्तरी, वाजिया जीत डंका सवाया ॥८॥

अखीलभूमंडले सुजस घणुं वा(व्या)पीयो, श्रीतपागछमांहि सहाया ।
वाचकांप्रवर **माणिक्य** इम विनवे, गाइयो श्री तपागच्छराया ॥९॥

॥ इति श्री विजयदेवेंद्रसूरि पाटमहोच्छव स्वाध्याय ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विजयदेवेंद्रसूरि स्वाध्याय

प्रणमीइं युगलपयकमल गछराजना, आज सूरीराज सिरताज सोहे ।
सोहमा वंसमें अंस(श)अवतंस सम, मयणमदमोडणो वयण मोहे ॥१॥

देस मरुधर मांही(हि) सुरतरु प्रगटीओ, नयर सेत्राव त(ति)हां अधिक नीको[१] ।
ओसवंस अमीचंद कुल उपनो, मात सरुपदे सुजसटीको ॥२॥

पाट श्रीविजयजिनेंद्रसूरी के प्रगट, थाट[२] मिलि संघ सीरोही ठोरे[३] ।
तखत शुभवखत त(ति)हां बेठि(ठा) तपगछपती, जगत जस प्रगटीओ पुन्यजोरे ॥३॥

वेदवसुनागससि(१८८४)वरसशुभ माघ वर, सरस सीत पक्ष प्रतिपत सुजाणो ।
सि(सी)ध(द्ध) योगे गुरुवासरें साधीयो, पाट महोछवसु कीनो प्रमाणो ॥४॥

वाणी मनभावणी अधिक सोहावणी, परमसुख पावणी ज्ञांन पामें ।
सजलघनगाज पीयूष वरसावणी, तेजसरसावणी बोध तामे ॥५॥

सुंदरी सोलसिणगार सजि ससीमुखी, अधिक मनहरख गुरुचरन आवे ।
गावती गीत गुण-भाव करी गुहली, मोतीयां थाल भरिके वधावे ॥६॥

धीरगंभीरगिरि मेर(रु) जिम अडगधर, नीर जिम अमल सूरी(रि) प्रबलनांमी ।
दरश देखी हि(हु)वे सकलदुख-दुरिगो, परमसुख संपदा आज पांमी ॥७॥

सासनादेवी सब समय सानिध करो, कोटियुग महियलें[४] राज कीजो ।
विजयदेवेंद्रसूरि तेज दिन-दिन वधो, लोक में हीर जिम सुजस लीजो ॥८॥

रयणचिंतामणी पाट अविचल रहो, वखत थिर अमृतवेलां विचारी ।
विबुध **दलपत** कहे सदगुरू वांदतां, कोडकल्याण आनंदकारी ॥९॥

**॥ इति स्वाध्याय ॥ सं. १९५५ना आसोज वदी १२ चंद्रवासरे ल। पं. दोलतरुच( चि ) । अगस्तपुरे ।**

---

## शब्दार्थ

**कृति नं. १ :** १. देहमां, २. अंतरंग शत्रु, ३. क्षणमां, ४. स्थान, ५. अन्य, ६. शहेर, ७. सिंहासन, ८. एक प्रकारनुं वार्जित्र, ९. ओवारणा, १०. सहाय करजो,

**कृति नं. २ :** १. सुंदर, सरस, २. समुदाय, ३. ठेकाणुं, ४. पृथ्वी

For Private and Personal Use Only

# प.पू. राष्ट्रसंत आचार्यश्री पद्मसागरसूरीश्वरजी म. सा. नो संभवित विहार कार्यक्रम

| स्थल | कि.मी. | तारीख |
|---|---|---|
| पंकज फेक्टरी | १२ | ३-१२-१३ |
| नविन शणगार धाम | १५ | ४-१२-१३ |
| नागेश्वर तीर्थ | ७ | ४-१२-१३ (शाम) |
| विरमगाम | - | ५-१२-१३ |
| उपरियाणा तीर्थ | - | ६-१२-१३ |
| पिपणी | १८ | ७-१२-१३ |
| ध्रुमढ | ९ | ७-१२-१३ (शाम) |
| दूढापर | १२ | ८-१२-१३ |
| वसावडा कोलेज | १२ | ८-१२-१३ (शाम) |
| ध्रांगध्रा | १४ | ९-१२-१३ |
| चूली | १६ | १०-१२-१३ |
| हळवद | १२ | ११-१२-१३ |
| वटावदर | १२ | ११-१२-१३ |
| धूलकोट | ११ | १२-१२-१३ |
| खाखरेची | १७ | १३-१२-१३ |
| गढवी पेट्रोल पंप | ७ | १३-१२-१३ |
| हरीपर | १४ | १४-१२-१३ |
| सुरजबारी | १२ | १५-१२-१३ |
| सामखीयारी | १२ | १५-१२-१३ (शाम) |
| फ्रिडम पेट्रोल पंप | १५ | १६-१२-१३ |
| रत्नमणि फेक्टरी | १० | १७-१२-१३ |
| खेडोई | १५ | १८-१२-१३ |
| छसरा | १५ | १९-१२-१३ |
| अरनाथ धाम | १२ | २०-१२-१३ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| स्थल | कि.मी. | तारीख |
|---|---|---|
| भूजपुर | ११ | २१-१२-१३ |
| प्रतापपुर (संघप्रस्थान) | ३ | २२-१२-१३ |
| बारोई | - | २३-१२-१३ |
| वडाला | - | २४-१२-१३ |
| भद्रेश्वरतीर्थ | - | २४-१२-१३ |
| भद्रेश्वर संघमाला | - | २६-१२-१३ |
| लुणि | - | २८-१२-१३ |
| मुन्द्रा | - | २९-१२-१३ |
| अदाणि पोर्ट | - | ३०-१२-१३ |
| मुन्द्रा | - | ३१-१२-१३ |
| गुंदाला | १२ | ०१-०१-१४ |
| छसरा | १२ | ०२-०१-१४ |
| खडोई | १३ | ३-१-१४ |
| कलापूर्णधाम | १४ | ४-१-१४ |
| अंजार | - | ५-१-१४ |
| रत्नमणि फेक्टरी | १४ | ६-१-१४ |
| नानी चिराइ | १४ | ७-१-१४ |
| भचाउ | १२ | ८-१-१४ |
| सामखियारी | १३ | ९-१-१४ |
| लाकडीया | १५ | १०-१-१४ |
| चित्रोड | १४ | ११-१-१४ |
| गांधर | १८ | १२-१-१४ |
| पलासणा | १५ | १३-१-१४ |
| आदेसर | १५ | १४-१-१४ |
| पिपराला | १५ | १५-१-१४ |
| रोझु-विहारधाम | ८ | १५-१-१४ |
| सांतलपुर | १० | १६-१-१४ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| स्थल | कि.मी. | तारीख |
|---|---|---|
| सिंघोला | १५ | १७-१-१४ |
| वाराहि | १५ | १८-१-१४ |
| राधनपुर | १८ | १९-१-१४ |
| बास्पा | १५ | २०-१-१४ |
| समी | ११ | २१-१-१४ |
| मोटी चंदुर | १२ | २२-१-१४ |
| शंखेश्वर महातीर्थ | १० | २६ से २९-१-१४ |
| पावापुरी | ६ | २९-१-१४ (शाम) |
| पंचासर | ५ | ३०-१-१४ |
| दशाडा | १२ | ३०-१-१४ |
| मांडल | १० | ३१-१-१४ |
| कूलकी | १० | १-२-१४ |
| धाकडी | ५ | २-२-१४ |
| विरमगाम | १० | ३-२-१४ |
| नागेश्वर तीर्थ | १० | ४-२-१४ |
| नविन शणगार धाम | ७ | ५-२-१४ |
| पंकज फेक्टरी | १५ | ६-२-१४ |
| साणंद | - | ७-२-१४ |
| गोधावी | ७ | ८ से १२-२-१४ |

**संपर्कसेतु**

**(मो.) ९७२६६१७५७०**

**पत्र व्यवहार**

**श्री महावीर जैन आराधना केन्द्र**

**कोबा, गांधीनगर - ३८२००७**

**फोन नं. (०७९) २३२७६२४९, २०४-२०५**

Email : gyanmandir@kobatirth.org

Website : www.kobatirth.org

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા
## સંક્ષિપ્ત કાર્ય અહેવાલ ઓક્ટોબર-૧૩

જ્ઞાનમંદિરના વિવિધ વિભાગોના કાર્યોમાંથી ઓક્ટોબર-૧૩માં થયેલાં મુખ્ય-મુખ્ય કાર્યોની ઝલક નીચે પ્રમાણે છે.

૧. હસ્તપ્રત કેટલૉગ પ્રકાશન કાર્ય અંતર્ગત કેટલૉગ નં. ૧૭ માટે કુલ ૪૫૭ પ્રતો સાથે ૧૧૮૬ કૃતિલિંક થઈ અને આ માસાંત સુધીમાં કેટલૉગ નં. ૧૭ માટે ૧૭૬૪ લિંકનું કાર્ય કરવામાં આવ્યું.

૨. હસ્તપ્રતોના ૯૭૩૭૯ પૃષ્ઠો અને પ્રીન્ટેડ પુસ્તકોના ૧૬૮૧૪ મળી કુલ ૧૧૪૧૯૩નું સ્કેનીંગ કાર્ય કરવામાં આવ્યું.

૩. સાગર સમુદાયના તથા વિશ્વ કલ્યાણ પુનઃ પ્રકાશન પ્રોજેક્ટ હેઠળ કુલ ૫૫૦ પાનાઓની ડબલ એન્ટ્રી કરવામાં આવી.

૪. લાયબ્રેરી વિભાગમાં પ્રકાશન એન્ટ્રી અંતર્ગત કુલ ૯૪ પ્રકાશનો, ૫૪૩ પુસ્તકો, ૪૮૫ કૃતિઓ તથા પ્રકાશનો સાથે ૯૯૫ કૃતિ લિંક કરવામાં આવી. આ સિવાય ડેટા શુદ્ધિકરણ કાર્ય હેઠળ જુદી-જુદી માહિતીઓના રેકોર્ડ્સમાં સુધાર કાર્ય કરવામાં આવ્યું.

૫. મેગેઝીન વિભાગમાં ૮૦ મેગેઝીનોના અંકોની એન્ટ્રી કરવામાં આવી.

૬. ૧૨ વાચકોને ૩૯ ગ્રંથોના ૨૫૭૫ પૃષ્ઠોની ઝેરોક્ષ નકલ ઉપલબ્ધ કરાવવામાં આવી. આ સિવાય વાચકોને કુલ ૪૯૬ પુસ્તકો ઈશ્યુ થયાં તથા ૫૬૨ પુસ્તકો જમા લીધાં.

૭. જ્ઞાનમંદિરમાં ૫૪૩ પુસ્તકો ભેટ સ્વરૂપ પ્રાપ્ત થયાં.

૮. વાચક સેવા અંતર્ગત પ. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સ્કૉલરો, સંસ્થાઓ વિગેરેને ઉપલબ્ધ માહિતીઓના આધારે જુદી-જુદી ક્વેરીઓ તૈયાર કરી આપવામાં આવી, જેમાંથી તેઓ દ્વારા જરૂરી પુસ્તકો તથા હસ્તપ્રતોના ડેટાનો તેઓના કાર્યમાં ઉપયોગ કરવામાં આવ્યો.

૯. સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયની ૪૦૦ યાત્રુઓએ મુલાકાત લીધી.

૧૦. શ્રુતસાગરનો ઓક્ટોબર-૨૦૧૩નો અંક નં. ૩૩ પ્રસિદ્ધ કરવામાં આવ્યો અને તેનું પોસ્ટીંગ કરવામાં આવ્યું.

૧૧. પ. પૂ. ગુરુભગવંતશ્રીની સૂચના અનુસાર ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ (GBWR) માં સંસ્થા તરફથી સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયની બે વસ્તુઓના રેકોર્ડ નોંધાવવાનું નક્કી કરવામાં આવ્યું.

For Private and Personal Use Only

# श्री अरिहंत प्रभु, सम्यग्ज्ञान अने श्रुतदेवी सरस्वतीनी पंचदिवसीय साधना अनुष्ठान

राष्ट्रसंत आचार्य श्रीमद् पद्मसागरसूरीश्वरजी म. सा. नी निश्रामां श्रुतज्ञान अधिष्ठायिका मां सरस्वतीनी पांच दिवसीय साधनानुं विशिष्ट आयोजन करायुं हतु. नेहरुनगरना वीसा ओशवाल जैन क्लबमां आ मंत्र साधनाना कार्यक्रममां १५,०० थी वधु युवा साधकोए भाग लीधो. दक्षिण भारतीय शैलीनी सरस्वती देवीनी मनमोहक मूर्तिनी स्थापना करवामां आवी हती आ साधनानुं संपूर्ण मार्गदर्शन मुनि विमलसागरजी द्वारा अपायुं हतुं. साधनाना प्रथम दिवसे पूज्य गुरुदेव श्री ए मंत्रित वासक्षेप करी आशीर्वचन आप्या हता, तथा पंन्यास हेमचन्द्रसागरजी, गणिवर्यश्री प्रशांतसागरजी, मुनिश्री पद्मरत्नसागरजी, मुनिश्री कैलासपद्मसागरजी आदि श्रमण-श्रमणी भगवन्तोने वासक्षेप करी साधनामां जोड्यां हतां मुनिश्री पद्मविमलसागरजीए विशेष मंत्रोनुं उच्चारण करावी साधनानो प्रारंभ कराव्यो हतो.

# यूथ मोटीवेशन वर्कशोप

संस्कार रक्षक सेना द्वारा यूथ मोटीवेशन वर्कशोप प. पू. आ. श्री पद्मसागरसूरिश्वरजी महाराजाना प्रेरक सान्निध्यमां आंबावाडी संघना उपक्रमे आयोजन करायुं जेमां २,००० थी वधु युवानोए भाग लई क्रांतिकारी जैन दृष्टिकोणथी असाधारण जीवन जीववानो संकल्प कर्यो.

आ प्रसंगे एम S.R.S. ना कार्यकर्ता श्री प्रणामभाई शाहना जणाव्या अनुसार धारासभ्य श्री राकेशभाई शाह तथा "तारक महेताना ऊलटा चश्मा" "टपु" (भव्य गांधी) ए रोनक वधारी हती तथा दीप प्रागट्य श्री बीपीनभाई जसाणी, गिरीशभाई शाह (वी. आर. शाह स्मृति शिक्षण मंदिर) श्री मोहितभाई शाह, श्री आशितभाई शाह द्वारा करवामां आव्युं हतुं.

बेंग्लोरथी पधारेल (IPL FAME) श्री राहुल कपूर जैने हास्य, रमूज, उत्साह, शौर्य, धर्म-गौरव अने अंते माता-पितानी भावुक स्मृति करावदा द्वारा करुण एवा घणा अनुभवो कराव्या. जेनाथी युवक-युवतीओने जीवननुं प्रेरक संबल मळ्युं अने उपस्थित युवानोमांथी १०० युवक-युवतीओए संस्कार रक्षक सेनामां जोडाईने सेनाने समर्पित थई सेवा, संस्कार, संगठन अने समर्पणना दरेक कार्यो करवानो दृढ निश्चय कर्यो हतो.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रुतदात्री माता सरस्वती देवीना साधना अनुष्ठाननी पावन क्षणो








For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री शत्रुंजयतीर्थ पटमां चित्रित
श्री आदिश्वरदादानी टूंक

To,

BOOK-POST / PRINTED MATTER

प्रकाशक

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर ३८२००७
फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२, फेक्स (०७९) २३२७६२४९
Website : www.kobatirth.org
email : gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only